પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ બાબતનાં

નામદાર ગુજરાત હાઈકોર્ટનાં જજમેન્ટમાં નિર્દેશ

કર્યા મુજબનો ઠરાવ

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

આઈસીડી/૧૨૨૦૧૮/એસીએ-૯૩/બ૧(પા.-૧)

તા. ૧૧/૧૦/૨૦૧૮

વંચાણે લીધા:

૧. નામદાર ગુજરાત હાઈકોર્ટનું એસસીએ ૮૧૮૧ /૧૯૯૮નાં કેસમાં આપેલ તા:૬/૮/૧૯૯૯નું જજમેન્ટ

૨. નામદાર ગુજરાત હાઈકોર્ટનું એલપીએ ૬૬૩/૨000નાં કેસમાં આપેલ તા: ૨૮/૧/૨૦૧૦નું જજમેન્ટ

૩. નામદાર ગુજરાત હાઈકોર્ટનું એસસીએ ૩૨૪/ ૨૦૧૦નાં કેસમાં આપેલ તા: ૧૮/૨/૨૦૧૦નું જજમેન્ટ

૪. નામદાર ગુજરાત હાઈકોર્ટનું એસસીએ ૪૧૨૩/૨૦૧૨નાં કેસમાં આપેલ તા: ૮/૫/૨૦૧૨નું જજમેન્ટ

૫. નામદાર ગુજરાત હાઈકોર્ટનું એલપીએ ૭૬૬/૨૦૧૪નાં કેસમાં આપેલ તા: ૩/૯/૨૦૧૪નું જજમેન્ટ

૬. નામદાર ગુજરાત હાઈકોર્ટનું એસસીએ૨૯૦૨/૨૦૧૫, એસસીએ૨૯૦૩/૨૦૧૫, એસસીએ૨૯૦૪/૨૦૧૫, એસસીએ ૪૨૩૩/૨૦૧૫, એસસીએ ૪૨૩૪/૨૦૧૫નું તા: ૧૭/૧૨/૨૦૧૫નું જજમેન્ટ

૭. નામદાર ગુજરાત હાઈકોર્ટનું એલપીએ૨૦૯/૨૦૧૭, એલપીએ૨૧૧/૨૦૧૭ એલપીએ૨૪૬/૨૦૧૭, એલપીએ૨૪૭/૨૦૧૫, એલપીએ૨૪૮/૨૦૧૭નું તા: ૯/૨/૨૦૧૭નાં રોજનું જજમેન્ટ

૮. નામદાર સુપ્રીમકોર્ટનું એસએલપી (ડાયરીનં ) ૨૬૧૨૧/૨૦૧૭ & અન્ય સંલગ્ન પીટીશનનાં તા: ૪/૧૦/૨૦૧૭નાં રોજનું જજમેન્ટ

૯. નામદાર ગુજરાત હાઈકોર્ટનું એસસીએ ૧૦૧૯૩/૨૦૧૫ થી એસસીએ૧૦૨૦૯/૨૦૧૫, એસસીએ૧૧૧૪૮/૨૦૧૪ અને એસસીએ૭૨૦૫/૨૦૧૫નાં કેસમાં આપેલ તા: ૧૬/૧૧/૨૦૧૭નાં રોજનું જજમેન્ટ

૧૦. નામદાર ગુજરાત હાઈકોર્ટનું એસસીએ ૭૧૨૯/૨૦૧૫નાં કેસમાં આપેલ તા: ૦૮/૦૧/૨૦૧૮નાં રોજનું જજમેન્ટ

૧૧. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા: ૪/૧૨/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક: આઈસીડી /૧૦૨૦૧૩ /૨૭૯૮ /બ

૧૨. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા: ૪/ ૪/ ૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: આઈસીડી /૧૦૨૦૧૫ /બ

૧૩. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા: ૭/૨/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: આઈસીડી /૧૦૨૦૧૩ /૨૫૮૧ /બ

૧૪. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા: ૮/૫/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક: આઈસીડી /૧૦૨૦૧૨/ એસીએ/૧૩૩/બ

૧૫. નાણા વિભાગનો ઉચ્ચતર પગાર ધોરણનો ઠરાવ તા: ૧૬/૮/૧૯૯૪

૧૬. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા: ૨૨/૧૨/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: આઈસીડી /૧૦૨૦૧૪ /૧૫૬૬ /બ અને ઠરાવ ક્રમાંક: આઈસીડી /૧૦૨૦૧૧/૪૬૩૦૯/બ

૧૭. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા: ૧૨/૦૩/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: આઈસીડી /૧૦૨૦૧૮ /૪૬૦ /બ

૧૮. એસ.સી.એ.૭૧૨૯ /૨૦૧૫ના પિટિશનર દ્વારા કરવામાં આવેલી એમસીએ ૧૧૧૬/૨૦૧૮(ફોર કંટેમ્પટ)

પૃષ્ઠભૂમિ:

* નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તા: ૦૮.૦૧.૨૦૧૮નાં રોજ એસસીએ ૭૧૨૯/૨૦૧૫ના કેસમાં આપેલ જજમેન્ટમાં નિર્દેશ કરેલ છે કે:

"14 a. the respondent shall take up present petitioners case for reconsideration.

b. after taking into account the decision dated 17.12.2015, in SCA No.2902 of 2015,the competent authority will re-examine case and the claim of the present petitioner in light of the observations/decision in said two orders and appropriate direction with regard to higher pay scale of in case of present petitioner shall be passed by the competent authority in consonance with the observation and decision in above mentioned 2 orders i.e. order dated 17.12.2015 and order dated 09.02.2017, as may be applicable in light of facts of present petition."

* નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તા: ૧૬.૧૧.૨૦૧૬નાં રોજ એસસીએ૧૧૧૪૮/૨૦૧૪, એસસીએ૧૦૧૯૩/૨૦૧૫ થી એસસીએ૧૦૨૦૯/૨૦૧૫ અને એસસીએ ૭૨૦૫/૨૦૧૫નાં કેસમાં આપેલ જજમેન્ટમાં નિર્દેશ કરેલ છે કે:"The competent authority of the respondents shall take-up the case of present petitioners fore-consideration in light of the decision dated17.12.2015 in Special Civil Application Nos.2902of 2015 and connected matters read with the direction by Hon'ble Division Bench in the decision dated 9.2.2017 in Letters Patent Appeal Nos.211 of 2017 and connected matters." આમ, એસસીએ ૨૯૦૨/૨૦૧૭ અને ત્યારબાદની લેટર્સ પેટન્ટ અપીલ & સ્પેશયલ લીવ પીટીશન અને અંતમાં થયેલ કન્ટેમ્પ્ટ પીટીશન બાદ નાણા વિભાગની મંજુરી અન્વયે તેઓનાં પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે ૨૦૦૦-૩૫૦૦નો પે-સ્કેલ મંજુર થયેલ છે. પ્રસ્તુત કેસમાં ઉપર જણાવ્યા મુજબ તે કેસ અર્થે લીધેલ નિર્ણય મુજબજ આ કેસનાં પીટીશનરના કિસ્સામાં વિચારણા કરવાની રહે છે.

* નામદાર ગુજરાત હાઈકોર્ટ ખાતે પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે કયું પગાર ધોરણ ક્યારે લાગુ પડે તે વિષય અંગે છેલ્લા કેટલાક વર્ષોમાં વિવિધ પીટીશન દાખલ થયેલ હતી અને તેને સંબંધિત વિવિધ નિર્દેશ પણ નામદાર કોર્ટ દ્વારા કરવામાં આવેલ છે. અદ્યતન નિર્દેશોને આધારે મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણ અંગે નીચે મુજબનો ઘટનાક્રમ ધ્યાને લઇને ઠરાવ કરવાનો રહે છે.

(૧) એસસીએ ૮૧૮૧/૧૯૯૮નાં કેસમાં નામદાર હાઈકોર્ટ દ્વારા જજમેન્ટ આપતા જણાવ્યુંકે ૧૯૯૩નાં નિયમો અસ્તિત્વમાં આવ્યા તે અગાઉ જેને ૯ વર્ષ પૂર્ણ થઇ ગયા હોય તેમને પરીક્ષાનાં નિયમો પશ્ચાર્તવર્તી અસરથી લાગુ પાડી શકાય નહિ અને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ ૯ વર્ષ પૂર્ણ કર્યા તારીખથી આપવાનો રહે. જે એસસીએનાં જજમેન્ટને લેટર્સ પેટન્ટ અપીલ ૬૬૩/૨૦૦૦ દ્વારા પણ કન્ફર્મ કરવામાં આવેલ છે.

(૨) તા:૧૮/૨/૨૦૧૦નાં રોજ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા એસસીએ ૩૨૪/૨૦૧૦ અને અન્ય સંલગ્ન પીટીશનમાં જજમેન્ટ આપતા જણાવ્યુંકે તા: ૨૫/૭/૨૦૦૨નાં રોજ જારી કરેલ ઠરાવ, કે જેમાં ડીપાર્ટમેન્ટલ પરીક્ષા પાસ કર્યા તારીખથી પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ આપવાનાં ઠરાવને &

રીકવરી કરવાનાં હુકમને રદ કરવા અને અગાઉ ૯વર્ષથી ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કર્યાનાં ઓર્ડરને યથાવત રાખવાનાં નિર્દેશ થયા.

(3) વર્ષ ૨૦૧૨માં એસસીએ ૪૧૨૩/૨૦૧૨નું જજમેન્ટ આવ્યુંકે ૧૯૯૩નાં નિયમોમાં જણાવેલ છે કે વર્ષમાં બે વખત-જૂન અને ડીસેમ્બરમાં પરીક્ષાનું આયોજન કરવાનું રહેશે તેવી જોગવાઈ હતી. ૧૯૯૩ પછી જેને ૯વર્ષ પૂર્ણ થયા હોય તેની પરીક્ષા લેવામાં જો વહીવટી વિભાગ દ્વારા વિલંબ થયેલ હોયતો તેવા કિસ્સામાં પણ ૯ વર્ષ પૂર્ણ કર્યા તારીખથી ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું રહે. જેને એલપીએ૭૬૭ / ૨૦૧૪ અને એલપીએ ૭૬૬ / ૨૦૧૪માં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા જજમેન્ટ આપીને કન્ફર્મ કર્યુ.

(અ) એસસીએ ૭૧૨૯/૨૦૧૫નાં કેસમાં નાં પીટીશનરના કિસ્સામાં તેઓને સર્વ પ્રથમ વાર જીલ્લા પંચાયત, વાર જિલ્લા પંચાયત ભાવનગરના તા.૧૮/૧/૧૯૯૯ના હુકમ ક્રમાંક: ડીપીએ/મકમ (૨)/વશી/૪૫/૫૫/૯૯થી પ્રથમ વાર (૨૦૦૦-૩૫૦૦) તેઓની પરીક્ષા પાસ કર્યાની તારીખ એટલેકે તા.૨૮/૧૧/૧૯૯૬થી મંજુર કરવામાં આવેલ જેને નાણાં વિભાગના તા.૧૬/૮/૧૯૯૪ના ઠરાવની અસર આપીને નાણાં વિભાગની મંજુરી અન્વયે ઘટાડીને મહિલા અને બાળ વિકાસ વિભાગ ખાતેથી તા: ૨૨/ ૧૨/ ૨૦૧૪નાં ઠરાવ દ્વારા ઉચ્ચતર પગાર ધોરણ (૧૬૪૦-૨૯૦૦) મંજુર થયેલ છે. તેઓ દ્વારા કરવામા આવેલ એસસીએ ૭૧૨૯/૨૦૧૫માં નામદાર ગુજરાત હાઈકોર્ટના તા.૨૩/૦૪/૨૦૧૫ના ઓરલ ઓર્ડરથી આપવામાં આવેલી વચગાળાની રાહતથી રક્ષિત થવા પામેલ છે,ઓર્ડરથી આપવામાં આવેલી વચગાળાની રાહતથી તેઓના કિસ્સામાં કરવામાં આવેલ તા.૧૮/૧/૧૯૯૯નો હુકમથી પ્રાપ્ત થતુ પગાર ધોરણ (૨૦૦૦-૩૫૦૦) રક્ષિત રહેવા પામેલ છે.

(બ) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા: ૧૨/03/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: આઈસીડી /૧૦૨૦૧૮/૪૬૦/બ થી તા: ૨૨/ ૧૨/ ૨૦૧૪નાં ઠરાવ દ્વારા ઉચ્ચતર પગાર ધોરણ (૧૬૪૦-૨૯૦૦) મંજુર થયેલ હતાં તેને રદ કરવામાં આવેલ છે અને ઉક્ત ઠરાવથી આવૃત્ત થતાં વ્યક્તિઓ પૈકીના એસસીએ ૨૯૦૨/ ૨૦૧૫ અને સંલગ્નિત કેસોના પચાસ વ્યક્તિઓનાં કિસ્સામાં (૨૦૦૦-૩૫૦૦) મંજુર કરવામાં આવેલ છે અને તેજ ઠરાવ થી આવૃત્ત થતાં અને (૨૦૦૦-૩૫૦૦)નો લાભ મેળવવામાંથી બાકાત રહેલી અન્ય વ્યક્તિઓ પૈકીના એક વ્યક્તિ પ્રસ્તુત કેસનાં પીટીશનર ચંદ્રિકાબેન એમ. પારેખ છે.તેઓની પ્રેયર હતીકે તેઓને ૧૬૪૦-

૨૯૦૦નાં પગાર ધોરણની સામે મળવા પાત્ર થતું(૨000-3૫00)નાં પે-સ્કેલનું પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ તેમની પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ માટેની પાત્રતાની તારીખ એટલેકે તા.૨૦/૮/૧૯૯૨થી મંજુર કરવામાં આવે.

(૪) એસસીએ૧૦૧૯૩/૨૦૧૫ થી ૧૦૨૦૯/૨૦૧૫, એસસીએ૧૧૧૪૮/૨૦૧૪ અનેએસસીએ ૭૨૦૫/૨૦૧૫ની તા: ૧૬/૧૧/૨૦૧૭નાં રોજ સુનાવણી હાથ ધરીને નામદાર હાઈકોર્ટ દ્વારા જજમેન્ટ આપ્યુંકે:

" The competent authority of the respondents shall take-up the case of present petitioners for re-consideration in light of the decision dated17.12.2015 in Special Civil Application Nos.2902of 2015 and connected matters read with the direction by Hon'ble Division Bench in the decision dated 9.2.2017 in Letters Patent Appeal Nos.211 of 2017 and connected matters.

The facts of the case of each petitioner shall be examined in light of the observations in above mentioned decision and accordingly, appropriate orders with regard to higher pay scale in case of each of the petitioners shall be passed by competent authority in consonance with above mentioned two decisions, wherever applicable in light of the facts of each case.

The said process will be completed as expeditiously as possible but not later than 6 weeks.

Simultaneously, consequential effect shall be given by re-fixing the date of pension and the amount payable towards pension shall also be revised and the arrears (which may become payable) towards difference in amount of pension shall also be paid to the petitioner within 4weeks from the date of decision of the competent authority. The amount payable towards compounded pension and gratuity if required to be revised shall also be appropriately revised and that payment shall also be made in above mentioned time limit."

(૫) નાણા વિભાગ દ્વારા તા.0૭/03/૨૦૧૮નાં રોજ નોંધ પર મળેલ સુચના અને મંજુરી મુજબ એસસીએ ૨૯૦૨/૨૦૧૫ & અન્ય સંલગન પીટીશન, તે અન્વયે થયેલ લેટર્સ પેટન્ટ અપીલ, સ્પેશ્યલ લીવ પીટીશન અને કન્ટેમ્પ્ટ પીટીશનને ધ્યાને લેતા તે પીટીશનરોનાં કિસ્સામાં લાગુ પડતા પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ (૨000-3૫00) ચુકવવા બાબતની મંજુરી આપેલ છે.પરંતુ તે હુકમથી તા.૨૨/૧૨/૨૦૧૪ના ઠરાવથી આવૃત્ત થતાં બાકી રહી જવા પામેલ વ્યક્તિઓ પૈકીના 33 વ્યક્તિઓના કિસ્સામાં નાણા વિભાગ દ્વારા મંજુરી આપવામાં આવેલ નથી, જેમાં પ્રસ્તુત કેસના પીટીશનર શ્રીમતી ચંદ્રિકાબેન એમ. પારેખનો સમાવેશ થાય છે અને તેઓ દ્વારા દાખલ કરવામાં આવેલી કંટેમ્પટ પીટિશનના પરિણામે તેઓનાં કિસ્સામાં તા.0૮/0૧/૨૦૧૮ના નામદાર કોર્ટનાં ઓર્ડરમાં કરેલ નિર્દેશ મુજબ એસસીએ ૨૯૦૨/૨૦૧૫ અને અન્ય સંલગ્ન પીટીશન મુજબનો

પગારધોરણનો લાભ એસસીએ ૭૧૨૯/૨૦૧૫નાં કેસનાં પીટીશનરને મંજુર કરવાનો થાય છે. આ બાબતની અગ્રમીતાઓને ધ્યાનમાં રાખીને નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે:

ઠરાવ:

આથી ઉપર જણાવ્યા મુજબની હકીકતલક્ષી વિગતોને ધ્યાને લેતા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટનાં અને સુપ્રીમકોર્ટનાં ઉપર જણાવ્યા મુજબનાં જજમેન્ટમાં કરેલ નિર્દેશ મુજબ ઉપર દર્શાવેલ પીટીશનર શ્રીમતી ચંદ્રિકાબેન એમ. પારેખને તેઓનાં કિસ્સામાં ૯વર્ષ પૂર્ણ કર્યા તારીખ:૨૦/૮/૧૯૯૨થી લાગુ પડતાં પ્રથમ ઉચ્ચતર પગારધોરણ તરીકે (૨૦૦૦-૩૫૦૦)નાં પે-સ્કેલમા મંજુર કરવાનાં અને તેણીને તારીખ:૨૦/૮/૧૯૯૨થી તારીખ:૨૮/૧૧/૧૯૯૬ સુધીનો પગાર તફાવત તેમજ તેને અનુષાંગિક હોય તેવા તમામ તફાવતોની ચુકવણી કરવાનો આદેશ કરવામાં આવે છે.

જેમાં શ્રીમતી ચંદ્રિકાબેન એમ. પારેખને દ્વિતિય પગાર ધોરણનો લાભ તેણીને મળેલી બઢતીની તા.04/03/2003થી ૧૫ વર્ષ પૂર્ણ થયેલ નહિ હોવાને કારણે નાણાં વિભાગની પ્રવર્તમાન નિતિ અનુસાર મળવા પાત્ર થતો નથી. તે સિવાય ખાસ-કિસ્સા તરીકે અને સંદર્ભ દર્શિત કોર્ટમેટરોના પરિણામ સ્વરૂપ મર્યાદિત અને પૂર્વ-દૃષ્ટાંત તરીકે નહિ ગણવાની શરતે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(રાહુલ છત્રપતિ)

નાયબસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧) અધિકમુખ્યસચિવશ્રી, (નાણા), (નાણાવિભાગ,સચિવાલય, ગાંધીનગર.

૨) નાયબસચિવશ્રી, (સેવા), નાણાવિભાગ,સચિવાલય, ગાંધીનગર.

3) કમિશ્નરશ્રી, મહિલાઅનેબાળવિકાસનીકચેરી, ૨૦-ડો. જીવરાજમેહતાભવન, ગાંધીનગર.

૪) નિયામકશ્રી,(આઇસીડીએસ) કમિશ્નરશ્રી, મહિલાઅનેબાળવિકાસનીકચેરી, ૨૦-ડો. જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર.

૫) સંબધિતજિલ્લાવિકાસઅધિકારીશ્રી, જિલ્લાપંચાયતકચેરી.

૬) સંબધિતજિલ્લાપ્રોગ્રામઅધિકારીશ્રી, (આઇસીડીએસશાખા) જિલ્લાપંચાયતકચેરી.

૭) મ્યુનિસિપલકમિશ્નરશ્રી,સંબધિત.................... શહેર.

૮) સંબધિતઅધિકારીશ્રી/કર્મચારીઓ.

૯) સંબધિતજિલ્લાતિજોરીઅધિકારીશ્રી,

૧૦) એકાઉન્ટન્ટજનરલશ્રી, રાજકોટ/ગાંધીનગર.

૧૧) પગારઅનેહિસાબીઅધિકારીશ્રીનીકચેરી, ગાંધીનગર.

૧૨) નાયબસેક્સનઅધિકારીશ્રી, સિલેક્ટફાઇલ.

૧૩) શાખાસિલેક્ટફાઇલ.